એર એશિયા-તાતા કંપનીને નવી એરલાઈન માટે મંજુરી

નવી દિલ્હી,તા. ૬

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે એર એશિયા-તાતા સંયુક્ત સાહસને નવી એરલાઈન શરૂ કરવાની લીલીઝંડી મળી ગઈ છે. હવે તાતા ઉડ્ડયન ક્ષેત્રમાં પણ પોતાની કુશળતા પૂરવાર કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સ્થાનિક ઉડ્ડયન ક્ષેત્રમાં કોઈ પણ વિદેશી કેરિયરની પ્રથમ એન્ટ્રી થઈ રહી છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં એફડીઆઈની નીતિને વધુ ઉદાર બનાવવામાં આવ્યા બાદ પ્રથમ વિદેશી કેરિયરની એન્ટ્રી થઈ છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન અજિતસિંહે પણ આજે કહ્યુ હતુ કે એર એશિયાની યોજના સામે કોઈ પણ અડચણ નથી. નાણાં મંત્રાલયે મલેશિયન બજેટ કેરિયર એર એશિયાની મૂડીરોકાણની દરખાસ્તને લીલીઝંડી આપી દીધી છે. એર એશિયા દ્વારા તાતા ગ્રુપ અને અન્ય કંપનીઓ સાથે સંયુક્ત સાહસ મારફતે ભારતમાં પ્રવેશ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ઉડ્ડયન ક્ષેત્રએ હવે સ્પર્ધા વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. આ સ્પર્ધાના કારણે વિમાની યાત્રીઓને વધુ સુવિધાઓ અને રાહતો મળે તેમ પણ માનવામાં આવે છે. એક સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે એર એશિયાની દરખાસ્તને મંજુરી આપી દેવામાં આવી છે. જે પોલીસીને મંજુરી આપવામાં આવી છે તે પોલીસી મુજબ ૪૯ ટકા એફડીઆઈ રહેશે. રૂપિયા ૮૦ કરોડ પ્રાથમિકરીતે રોકવામાં આવશે. ડીઈએ સેક્રેટરી અરવિંદ માયારામના નેતૃત્વમાં ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડ દ્વારા આજે મળેલી બેઠકમાં દરખાસ્તને લીલીઝંડી આપી દીધી હતી. એર એશિયા દ્વારા તાતા સન્સ લીમીટેડ અને અરૂણ ભાટીયાની ટેલેસ્ટ્રા ટ્રેડલેસ પ્રાઈવેટ લીમીટેડ સાથે સાહસમાં ૪૯ ટકા હિસ્સેદારી માટે અપીલ કરવામાં આવી હતી. હવે મલેશિયન બજેટ કેરિયર એર એશિયા વધુ મંજુરી માટે એવીએશન રેગ્યુલેટર ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન પાસે જશે. એર એશિયાને ડીજીસીએ પાસેથી જરૂરી લાઈસન્સ મેળવવું પડશે. એર એશિયા આ વર્ષના અંગ સુધી ફ્લાઈંગ શરૂ કરવા માંગે છે. શરૂઆતમાં મલેશિયન બજેટ

કેરિયર દ્વારા ૫૦ મિલિયન ડોલરનું રોકાણ કરવામાં આવી રહ્યુ છે. ત્રણથી ચાર વિમાન સાથે વિમાની સેવા શરૂ થશે. સંયુક્ત સાહસ ચેન્નઈથી ઓપરેટ થશે. ટાયર-૨ અને ૩ શહેરોને આવરી લેવામાં આવશે. વર્તમાન નિયમ મુજબ કોઈ પણ કેરિયરની વિદેશી ફ્લાઈટ શરૂ કરતા પહેલા ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી સ્થાનિક સ્તરે ઓપરેશન હાથ ધરવું જોઈએ. ૧૦૦ અબજ ડોલરના મહાકાય મીઠુથી લઈને સોફ્ટવેર સુધીના ગ્રુપની હોલ્ડીંગ કંપની તાતા સન્સ સંયુક્ત સાહસમાં ૩૦ ટકા હિસ્સેદારી રાખશે પરંતુ એરલાઈનમાં તેની કોઈ પણ ઓપરેટીંગ ભૂમિકા રહેશે નહીં. આ હિલચાલની સાથે જ તાતાની ઉડ્ડયન ક્ષેત્રમાં ફરી એન્ટ્રી થઈ ગઈ છે. એર એશિયા થાઈલેન્ડ અને મલેશિયામાં ઓપરેશન ધરાવે છે. તેની ફ્લાઈટ ચેન્નઈ, બેંગ્લોર, કોચી, તીરુચિરાપલ્લી અને કોલકાતા સાથે જોડાયેલી છે. એર એશિયા, તાતા અને ભાટિયાએ સંયુક્ત સાહસ માટેની ભાગીદારી સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા છે. દરમિયાન ઉડ્ડયન મંત્રી અજિતસિંહે પણ નવી હિલચાલ અંગે ખુશી વ્યક્ત કરી છે.

હોમ લોન રાહતથી રિયાલિટી કંપનીઓમાં હવે ખુશીનું મોજું

નવી દિલ્હી,તા. ૬

નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ બજેટ રજૂ કરતી વેળા કેટલીક નવી પહેલ કરી હતી જેના પરિણામ સ્વરૂપે ચિદમ્બરમ્‌ની હોમ લોન અંગેની પહેલથી રિયાલિટી ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોમાં ખુશીનું મોજું ફળી વળ્યું છે. મળેલી માહિતી મુજબ બજેટમાં કરાયેલી જાહેરાતથી ૩૦-૪૦ લાખની કેટેગરીમાં માંગ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

રિયલ એસ્ટેટ ડેવલોપર્સ છેલ્લા બે વર્ષથી મંદીના સંકંજામાં આવી ગયા હતા પરંતુ હવે ફરી એકવાર તેજી આવી ગઈ છે. ઈન્ડસ્ટ્રી આશા રાખે છે કે બજેટમાં કરાયેલી પહેલથી લોકોને ફાયદો થશે. ૨૫ લાખ રૂપિયા સુધીની લોન ઉપર ૧ લાખ સુધીના વ્યાજ ઉપર વધારાના ટેક્સ કપાતરૂપે રાહત આપવામાં આવી છે. આના લીધે ૩૦-૪૦ લાખની કેટેગરીમાં માંગ વધી જાય તેવી શક્યતા છે. દેશભરમાં ૫૮૩૫૧૩ એપાર્ટમેન્ટ એવા છે જે વેચાયા નથી. ૩૯ ટકાની કિંમત ૩૫ લાખથી નીચે છે.

રાષ્ટ્રીય પાટનગર પ્રદેશમાં આ સેગમેન્ટમાં ૫૦ ટકા એપાર્ટમેન્ટ વેચાયા નથી. જ્યારે મુંબઈમાં આ આંકડો ૩૦ ટકાની આસપાસ છે. પ્રોપર્ટી રિસર્ચ કંપનીના જણાવ્યા મુજબ ૨૦૧૨માં ૪૨ ટકા દેશમાં આવાસ આ કેટેગરીમાં વેચાયા હતા.

સરેરાશ ૨૫ લાખની લોન લેવામાં આવી હતી. પ્રધાનની દરખાસ્તના લાભ અંગે સ્પષ્ટતા કરવા ઘણા બધા લોકો ડેવલોપર્સને મળી રહ્યા છે. જાણકાર લોકોનું એમ પણ કહેવું છે કે ૧૦.૫ ટકાના વર્તમાન વ્યાજદરમાં ૨૫ લાખ રૂપિયા સુધીની લોનની રકમ માટે ઈએમઆઈની રકમની ગણતરી કરવામાં આવી રહી છે. આવાસનું વેચાણ દેશભરમાં છેલ્લા થોડાક સમયમાં ઘટી ગયું છે. કારણ કે વ્યાજદર ખૂબ ઊંચા રહ્યા છે. આવનાર દિવસોમાં ફરી એકવાર સુધારો થઈ શકે છે.

રાજાભૈયાની અટકાયત સંદર્ભે અખિલેશનું મૌન

હૈદરાબાદ,તા. ૬

વિરોધ પક્ષોના નેતાઓએ માંગ કરી છે કે રઘુરાજ પ્રતાપસિંહ ઉર્ફે રાજાભૈયાની ડીએસપી ઝિયાઉલહકની હત્યા કરવાના કાવતરાના સંબંધમાં ધરપકડ કરવામાં આવે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે રાજાભૈયાની ધરપકડના મામલે કોઈ પણ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે.

કોંગ્રેસ અને બહુજન સમાજ પક્ષના ધારાસભ્યોએ રાજ્યવિધાનસભામાંથી

આજે વોકઆઉટ કર્યો હતો. રાજાભૈયાની ધરપકડ કરવાની વિરોધપક્ષના સભ્યો માંગ કરી રહ્યા છે. મુખ્યમંત્રી કહી ચુક્યા છે કે આ મામલો સીબીઆઈને સોંપી દેવામાં આવ્યો છે. તેના પગલાની રાહ જોવી જોઈએ. મુખ્યમંત્રીએ માર્યા ગયેલા ગ્રામ પ્રધાન એન યાદવ અને તેમના ભાઈ સુરેશના પરિવારને મળીને સહાયતાની ખાતરી આપી હતી. દરમિયાન રાજા ભૈયાની ધરપકડના મામલે અખિલેશે કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા આપી નથી. મુખ્યમંત્રી પોતે હાલ વિવાદના ઘેરામાં આવી ગયા છે. રાજાભૈયા પહેલાથી જ વિવાદમાં છે. ઉત્તર પ્રદેશ સરકાર રાજાભૈયાને બચાવી રહી હોવાનો આક્ષેપ બસપના નેતા માયાવતીએ કર્યો છે. ડીએસપીની હત્યાના કેસમાં ઉત્તર પ્રદેશના રાજકારણમાં ગરમી આવી ગઈ છે. કેન્દ્ર સરકારે પણ અહેવાલ માંગ્યો છે.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ હ્યૂગો શાવેજનું થયેલું નિધન

કારાકાસ,તા.૬

દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ હ્યૂગો શાવેજનું નિધન થયું છે. આ સમાચારની આધિકારીક ઘોષણા ઉપરાષ્ટ્રપતિ નિકોલસ મડૂરોએ કરી છે. શાવેઝ પાછલા એક વર્ષથી કેન્સરની બિમારીથી પીડાઈ રહ્યા હતાં અને તેમની પર અનેકવાર સર્જરી પણ કરવામાં આવી હતી. આ સર્જરી બાદ શાવેઝને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડતી હતી. માંદગીના કારણે રાષ્ટ્રપતિ શાવેઝ પાછલા ઘણાં દિવસોથી દેશની જનતા વચ્ચે પણ દેખાતા નહતાં. ગત મહિને તેઓ ઘણાં દિવસો બાદ વેનેઝુએલાની રાજધાની દારાકાસમાં જાહેરમાં જનતા વચ્ચે દેખાયા હતાં.

ઉપરાષ્ટ્રપતિ નિકોલસ મડૂરાએ પ્રથમ જણાવ્યું હતું કે, શાવેજ તેમના જીવનમાં સૌથી મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. બાદમાં તેમણે તેમના નિધનના સમાચારને સમર્થન આપ્યું હતું.

હ્યૂગો શાવેજના આર્જેન્ટીનાના રાષ્ટ્રપતિ ક્રિસ્ટીના ફર્નાન્ડીસે નિધનના સમાચાર મળતા પોતાના તમામ કાર્યક્રમો રદ કર્યા છે. પેરૂન્ત સંસદે

પણ શાવેજને શ્રદ્ધાંજલી અર્પતા ગૃહમાં એક મિનિટનું મૌન પાળ્યું હતું. ચીલી અને ઈક્વાડોરની સરકારોએ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ હ્યૂગો શાવેજના નિધન પર આધિકારીક શોકસંદેશ મોકલ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કહ્યું છે કે, હ્યૂગો શાવેજનું નિધન વેનેઝુએલા માટે એક પડકારભર્યો સમય છે. અમેરિકા વેનેઝુએલાના લોકો પ્રતિ પોતાના સમર્થનને ફરી એકવાર દોહરાવે છે.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ મડૂરોએ શાવેજને થયેલા કેન્સર વિશે શંકા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, શાવેજને થયેલ કેન્સર જેવો જીવલેણ રોગ વેનેઝુએલાના દુશ્મનોનું ષડયંત્ર છે. તેમણે આંસુભર્યા સ્વરે દેશવાસીઓને અપીલ કરી હતી કે, જનતા એકતા બનાવી રાખે. વેનેઝુએલાની સરકારે સમગ્ર દેશવાસીઓએ રાષ્ટ્રપતિ શાવેજના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. પાછલા ૧૪ વર્ષથી વેનેઝુએલાના રાષ્ટ્રપતિપદે રહેલા ૫૮ વર્ષીય સમાજવાદી નેતા હ્યૂગો શાવેજે ગત વર્ષે ઓક્ટોબર મહિનામાં જ ચૂંટણીમાં વિજય મેળવ્યો હતો અને આગામી છ વર્ષ માટે જનાદેશ પ્રાપ્ત કર્યો હતો.

સેના સામે એફઆઈઆર દાખલ

ખીણના વિવિધ ભાગમાં સંચારબંધી લાદી દેવાઈ

શ્રીનગર,તા. ૬

ઉત્તર કાશ્મીરના બારામુલ્લામાં યુવાનના સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં મોત બાદ ભારે અંધાધૂંધી મચી ગઈ છે. સત્તાવાળાઓએ ખીણના જુદા જુદા વિસ્તારોમાં સંચારબંધી લાદી દીધી છે. સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. પરિસ્થિતિ વિસ્ફોટક બનેલી છે. દરમિયાન બારામુલ્લા ગોળીબારના સંબંધમાં જમ્મુ કાશ્મીર પોલીસે સેના સામે એફઆઈઆર દાખલ કરી છે. સેનાએ યુવાનના મોતના મામલામાં તેના કોઈ લેવા દેવા હોવાનો ઈન્કાર કર્યો છે. શ્રીનગરમાં એક પોલીસ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું છે કે સંચારબંધી રેનવાડી, એસઆરગુંજ, સાફાકાદલ, મૈસુમા સહિતના વિસ્તારોમાં લાદવામાં આવી છે. બારામુલ્લા, સોપોરે, પુલવામા અન્ય વિસ્તારોમાં પણ સંચારબંધી અમલી બનાવવામાં આવી છે. ખીણના અન્ય મોટા શહેરોથી પ્રાપ્ત અહેવાલ મુજબ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે વધારાના પોલીસ અને કેન્દ્રિય સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છેકે ઉત્તર કાશ્મીરના બારામુલ્લામાં દેખાવ દરમિયાન સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ૨૪ વર્ષીય તાહીર લતીફ નામના યુવાનનું મોત થયુ હતુ.

ફેમા ભંગના મામલામાં પ્રિતી ઝિંટાની લાંબી પૂછપરછ થઈ

નવી દિલ્હી,તા. ૬

બોલિવૂડની અભિનેત્રી પ્રિતી ઝિન્ટાની ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા)ના ભંગના સંબંધમાં ઈડી દ્વારા ૧૦ કલાક સુધી આકરી પૂછપરછ કરવામાં આવી છે. ઈડીએ લાંબી પૂછપરછ કરતા પ્રિતી ઝિન્ટા દ્વારા કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. આઈપીએલ-૨માં ફેમાના ભંગના સંબંધમાં આ પૂછપરછ થઈ છે. ઈડી દ્વારા પણ કોઈ નવી વિગત આપવામાં આવી નથી. વર્ષ ૨૦૦૯માં દક્ષિણ આફ્રિકામાં યોજાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની બીજી એડીશન દરમિયાન કિંગ્સ ઈલેવન પંજાબ દ્વારા કરવામાં આવેલા ફેમા ભંગના

સંબંધમાં પૂછપરછ હાથ ધરાઈ છે. ઈડી દ્વારા હાલમાં લલિત મોદીના નેતૃત્વ હેઠળ દક્ષિણ આફ્રિકામાં આયોજિત આઈપીએલ સિઝન દરમિયાન જુદી જુદી આઈપીએલ ફ્રેન્ચાઈસીસમાં કરવામાં આવેલા રોકાણના સંબંધમાં તપાસ કરવામાં આવી રહી છે. રાજસ્થાન રોયલ્સ ઉપર હાલમાં જ ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ લાદવામાં આવ્યો હતો. બોલિવૂડની અન્ય અભિનેત્રી શિલ્પા શેટ્ટીની માલિકીની રાજસ્થાન રોયલ્સ ઉપર આ દંડ લદાયો હતો. ફેમાના ભંગને લઈને કંપનીમાં કરવામાં આવેલા રોકાણને લઈને આ પ્રશ્નો ઊભા થયા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ પ્રીતિ ઝિન્ટા સામે તેમની કંપનીમાં રોકાણના તમામ દસ્તાવેજો સાથે મુંબઈમાં ઈડીની ઓફિસમાં ઉપસ્થિત થવા સમન્સ જારી કરાયો હતો. કિંગ્સ ઈલેવન પંજાબની ટીમ મોહિત બરમન, ગૌરવ બરમન, નેશ વાડિયા, અભિનેત્રી પ્રીતિ ઝિન્ટા જેવા ઉદ્યોગપતિઓની માલિકીની સંયુક્ત કંપની છે. પ્રીતિ ઝિન્ટા દ્વારા લાવવામાં આવેલા દસ્તાવેજો અથવા તો તેને પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ સંતોષજનક દેખાયા ન હતા. બીસીસીઆઈએ ૨૦૧૦માં નિયમોના ભંગના મામલામાં ફ્રેન્ચાઈસીસના કરાર પણ રદ કર્યા હતા.

સમાચાર ઝલક

- ૧૦ વર્ષમાં ભારત દુનિયાનું ત્રીજું મોટું અર્થતંત્ર બનશે.
- વૃધ્ધ અને વિકલાંગને પેન્શન મેળવવા માટે સરળતા રહેશે.
- સમગ્ર ગુજરાતમાં આગામી જૂનના શૈક્ષણિક સત્રથી શાળાઓનો સમય સવારે ૭-૩૦ રહેશે.
- મુશર્રફ પાકિસ્તાનાં પગ મૂકતાં જ તેમની ધરપકડ થશે.
- સ્વિટ્ઝરલેન્ડ, સ્પેન, ઇટાલી, ગ્રીસ અને ઓસ્ટ્રીયાના વિઝા અમદાવાદમાં મળી જશે.
- પોલીસ ચોકી-સ્ટેશનોમાં એટીએમ મુકાશે. ચોરી અટકાવવા માટે નવો નુસખો.
- આર્થિક મંદીની અસર, પાંચ વર્ષમાં ૫૦ લાખની નોકરીમાંથી છટણી થશે.
- દિલ્હી ગેંગરેપનો ભોગ બનેલી 'નિર્ભયા'ને અમેરિકન એવોર્ડ અપાશે.
- ગરીબ દેશ ઝિમ્બાબ્વેના પ્રમુખે જન્મદિન ખુશાલીમાં ૩ કરોડ ખર્ચી નાખ્યાં.
- ન્યૂઝ ચેનલો શરૂ કરવા અરજીઓનો ધોધ, ૪૨૫ ચેનલોનું ન્યૂઝ પ્રસારણ થાય છે, છતાં બીજી અરજીઓ મળોલ છે.
- ગાંધીનગરના બાબુભાઇ જાદવ હત્યાકેસમાં ટ્રાન્સપોર્ટર રાજુ શેખવા જેલ હવાલે.
- સુપ્રીમ-હાઇકોર્ટમાં બળાત્કાર/જાતીય સતામણીના ૨૪,૦૦૦ કેસ પડતર.
- સાઉદી અરબમાં ૭ સગીરોને માથા વાટી મોતની સજા અપાઇ.
- જૂનાગઢમાં મીની કુંભ સમા મહાશિવરાત્રી મેળાનો પ્રારંભ.
- ગાંધીધામથી અમદાવાદ આવતી બસમાં મહિલા ઊંઘતી રહી અને ચોર ૧.૬૯ લાખથી વધુ દાગીનાં ચોરી ગયો.
- પાંચ લાખથી વધુ વાર્ષિક આવક પર રીટર્ન ભરવું જરૂરી.
- પંજાબમાં ખેડૂતો દ્વારા રેલ રોકો આંદોલન.
- અમદાવાદમાં આંબાવાડી વિસ્તારમાં એક મહિલાએ રૂા. ૧૦ની લાલચમાં ૬૪ તોલા સોનું ગુમાવ્યું.
- ભારતીય આકાશમાં એક નવી એરલાઇન્સ ચાલુ થશે. સરકારની મંજૂરી મળી.
- ક્રિકેટ ફિક્સીંગના મામલે ફિલ્મ અભિનેત્રી પ્રિટીં ઝિંટાની પૂછપરછ.
- જમ્મુ-કાશ્મીર પણ ગુટખા તમાકુ પર પ્રતિબંધ.

શેરબજારમાં તેજી જારી : વધુ ૧૦૯ પોઈન્ટનો સુધાર થયો

મુંબઈ,તા. ૬

શેરબજારમાં આજે સતત બીજા દિવસે તેજી જોવા મળી હતી. કેપિટલ ગુડ્સ અને સોફ્ટવેર શેરના નેતૃત્વમાં શેરબજારમાં તેજી રહી હતી. મજબુત વૈશ્વિક પ્રવાહની અસર પણ જોવા મળી હતી. આજે કારોબારના અંતે સેન્સેક્સ ૧૦૯ પોઈન્ટ ઉછળીને ૧૯૨૫૩ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૪ પોઈન્ટ સુધરીને બંધ રહ્યો હતો. નિફ્ટી કારોબારના અંતે ૫૮૧૯ ઉપર રહ્યો હતો. એશિયન શેરબજારમાં તીવ્ર તેજી રહી હતી. નિક્કીમાં ૪.૫ વર્ષની ઉંચી સપાટી જોવા મળી હતી. ગઈકાલે મોડી રાત્રે કારોબારમાં અમેરિકી શેરબજારમાં તીવ્ર તેજી રહી હતી. આજે નિક્કી ૨.૧ ટકા સુધરીને ૧૧૯૩૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે સંઘાઈ કોમ્પોઝિટમાં ૦.૯ ટકાનો સુધાર રહ્યો હતો. હેંગસેંગમાં એક ટકાનો સુધાર રહ્યો હતો. સ્ટ્રેટ ટાઈમ્સમાં ૧.૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. સ્થાનિક માર્કેટમાં રિયાલિટી ઈન્ડેકસમાં ૪.૭ ટકાનો સુધાર જોવા મળ્યો હતો. કેપિટલ ગુડ્સ, મેટલ અને આઈટી ઈન્ડેક્સમાં પણ સુધારો રહ્યો હતો. રિયલ એસ્ટેટ કંપનીઓના શેરમાં લેવાલી જામી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આ મહિનામાં જ મળનારી તેની નાણાંકીય નીતિ સમીક્ષામાં યાજદરમાં ઘટાડો કરનાર છે. તેવી આશા જાગી છે. ડીએલએફમાં ૩.૮ ટકાનો અને એચડીઆઈએલમાં ૧૨ ટકા અને અનંતરાજમાં ૭.૮ ટકા જેટલો સુધાર રહ્યો હતો.

એન્જિનિયરીંગ ક્ષેત્રની મહાકાય કંપની એલએન્ડટીમાં સૌથી મોટો સુધારો ત્રણ ટકાનો રહ્યો હતો. મેટલના શેરમાં રિબાઉન્ડની સ્થિતિ રહી હતી. ઈન્ડેક્સ હેવીવેટ રિલાયન્સમાં એક ટકાનો સુધાર જોવા મળ્યો હતો. આઈટીસીમાં ૧.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કટ બ્રિડ્થની વાત કરવામાં આવે તો આજે ૧૭૩૦ શેરમાં તેજી રહી હતી અને ૧૧૧૬ શેર મંદીમાં રહ્યા હતા. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૧.૧ અને ૧.૫ ટકાનો સુધારો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં લેવાલી જામી હતી. નાણામંત્રી પી ચિદમ્બરમ હાલમાં જ કહી ચુક્યા છે કે નાણાં બિલ પર ચર્ચા દરમિયાન કેટલાક નવા પગલા જાહેર કરવામાં આવશે જે વિકાસને પ્રોત્સાહન આપશે. તેમની આ જાહેરાતથી છેલ્લા બે દિવસથી બજારમાં તેજીનો માહોલ જામ્યો છે.

આ તેજી હજુ અકબંધ રહેવાની શક્યતા છે. ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજમાં ગઈકાલે મોડી રાત્રે કારોબાર દરમિયાન રેકોર્ડ ઊંચી સપાટી જોવા મળી હતી. ચીનના આર્થિક વિકાસના ટાર્ગેટ અને યુરોપીયન રિટેલ વેચામાં વધારો થયા બાદ તેની સીધી અસર ડાઉજોન્સ ઉપર પડી હતી. કારોબારના અંતે ડાઉજોન્સ ૧૨૬ પોઈન્ટ સુધરીને ૧૪૨૫૪ની સપાટીએ રહ્યો હતો. આની સાથે રેકોર્ડ ઊંચી સપાટી રહી હતી. એક વખતે ડાઉજોન્સ ૧૪૨૮૬ સુધી પહોંચ્યો હતો.

મહિલાઓનું સમ્માન કરવા બચ્ચનનું સૂચન

મુંબઈ, તા.૬

બોલીવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન હાલની પરિસ્થિતિમાં સ્ત્રી સુરક્ષાને લઈ ઘણાં ચિંતિત છે. તેમનું કહેવું છે કે, મહિલાઓને પૂરી આઝાદીથી જીવવાનો હક્ક મળવો જોઈએ. તેમજ તેમના પર થઈ રહેલા અત્યાચારોનો કડક વિરોધ થવો જોઈએ. આઠમી માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને ધ્યાનમાં રાખી અમિતાભે તેના બ્લોગ પર જણાવ્યું હતું કે, મહિલાઓનું અપમાન બંધ કરવામાં આવે તેમજ તેમનો સમ્માન સાથે સ્વીકાર કરવો જોઈએ કારણ કે, આપણા અસ્તિત્વ માટે મહિલાનું ઉમદા યોગદાન છે. તેમની રક્ષા કરી તેમના પર આચરવામાં આવતા અત્યાચારોનો વિરોધ કરવો જોઈએ. અમિતાભ બચ્ચને મહિલાઓ પર થઈ રહેલ ઘરેલું અત્યાચાર રોકવા માટે ચાલતી આંતરરાષ્ટ્રીય અભિયાન 'બ્રેકથ્રૂ' તરફ પોતાનું સમર્થન દર્શાવ્યું છે. આ અભિયાનની શરૂઆત ૨૦૦૮થી થઈ હતી. ઉલ્લેખનીય છે કે, ગત મહિને અમિતાભની પુત્ર વધુ એશ્વર્યારાય બચ્ચને પણ સ્ત્રી સુરક્ષામાં વધારો કરવા માટેની સરકાર સમક્ષ માંગણી કરી હતી.

ધોનીને ૨૦૧૯ સુધી કેપ્ટન તરીકે જાળવવાનું હવે સૂચન

નવી દિલ્હી,તા. ૬

મહેન્દ્રસિંહ ધોનીની ચારેબાજુ ભારે પ્રશંસા થઈ રહી છે. ઓસ્ટ્રેલિયા સામે સતત બે ટેસ્ટ મેચોમાં જીત મેળવી લીધા બાદ ભૂતપૂર્વ દિગ્ગજ ખેલાડીઓનું વર્તન પણ બદલાઈ ગયુ છે. હજુ સુધી ધોનીને હટાવવાની વાત કરી રહેલા પૂર્વ ક્રિકેટરો હવે તેની પ્રશંસા કરતા થાકી રહ્યા નથી. સુનિલ ગાવાસ્કરે તો અહીં સુધી કહ્યુ છે કે ધોનીને વર્ષ ૨૦૧૯ના વર્લ્ડકપ સુધી ટીમ ઈન્ડિયાના કેપ્ટન તરીકે રહેવાની જરૂર છે. ગાવાસ્કરને લાગે છે કે ધોનીએ છેલ્લા વર્ષે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સામે મળેલી હાર બાદ પોતાની કેપ્ટનશીપ અંગે વલણ બદલી કાઢ્યુ છે. હવે મેદાનમાં તે વધારે મજબુત દેખાઈ રહ્યો

છે. સુનિલ ગાવાસ્કરના જણાવ્યા મુજબ ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે કારમી હારનો સામનો કર્યા બાદ એક મહિનાના ગાળા બાદ ધોનીએ આત્મનિરીક્ષણનો પરિચય આપ્યો છે. ધોનીએ કેપ્ટન તરીકે પોતાનામાં રચનાત્મક ફેરફાર કર્યા છે. જો કોઈ ખેલાડી પોતાની ક્ષમતા મુજબ રમી રહ્યો નથી અથવા તો મેદાનમાં પૂરતી ચોક્કસાઈ રાખી રહ્યો નથી તો ધોની સલાહ આપી રહ્યો છે. સુનિલ ગાવાસ્કરનું કહેવું છે કે ધોની સંપૂર્ણપણે ફીટ છે અને જોરદાર ફોર્મમાં છે તેની કેપ્ટનશીપને લઈને આજે જે વલણ છે તેને જોતા વર્ષ ૨૦૧૯ના વર્લ્ડકપ સુધી કેપ્ટનશીપ તરીકે તેને ચાલુ રાખી શકાય છે. કેપ્ટન બદલવાની ચર્ચા પણ થવી જોઈએ નહીં. અત્રે નોંધનીય છે કે ઈંગ્લેન્ડ સામે શ્રેણી હાર બાદ ગાવાસ્કરે જ કહ્યુ હતુ કે ધોનીને કેપ્ટન પદેથી બ્રેક લેવાની જરૂર છે. ધોની ૨૦૧૯ સુધી ક્રિકેટ રમી શકે છે. ભારતીય ક્રિકેટના મહાન ખેલાડીઓ પૈકી ધોની છે કે કેમ તે અંગે પુછવામાં આવતા ગાવાસ્કરે કહ્યુ હતુ કે આ પ્રશ્નનો જવાબ આપવો મુશ્કેલ છે કારણ કે અમે ૧૯૩૦ અને ૪૦ના દશકમાં કેપ્ટન અંગે માહિતી ધરાવતા નથી. ધોની કેપ્ટન તરીકે ભારતને સૌથી વધારે મેચ જીતાડનાર ખેલાડી બની ગયો છે. આનાથી અમને ખુશ થવું જોઈએ. મંસુર અલીખાન પટૌડી, અજીત વાડેકર, સૌરવ ગાંગુલી, રાહુલ દ્રવિડ શ્રેષ્ઠ કેપ્ટન છે કે કેમ તેને લઈને હંમેશા ચર્ચા રહી છે.